જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦    ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૩૧/૧૦/૨૦૧૮ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં
આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-    સમાચાર યાદી નં.૨૧૨૬/૧૮

# ભારતીય બનાવટનો વિદેશી દારૂના જથ્થા સાથે આરોપીઓને પકડી પાડતી મેઘાણીનગર પોલીસ

અધિક પો.કમી.સા.શ્રી સેકટર-૨ સાહેબ તથા ના.પો.કમી શ્રી ઝોન-૪ સાહેબ નાઓની સુચના તથા મ.પો.કમી.શ્રી "જી" ડીવીઝન સાહેબ અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ સીનીયર પોલીસ ઇન્સપેક્ટર નાઓ સાથે સર્વેલન્સ સ્કોડના મ.સ.ઇ દિનેશભાઇ મીઠાલાલ બ.ન.૭૬૧૧ તથા હે.કો.રમેશકુમાર વશરામભાઇ બ.નં.૭૮૫૪ તથા પો.કો. બાબુલાલ નાગરભાઇ બ.નં- ૧૦૧૬૯ તથા પો.કો ધર્મેન્દ્રસિંહ રાજેન્દ્રસિંહ બ.નં-૫૩૭૮ તથા પો.કો.હિતેન્દ્રસિંહ દેવેન્દ્રસિંહ બ.નં.૧૩૧૫૩ તથા પો.કો.અશ્વિન નટુભાઇ બ.નં.૩૪૫૧ તથા એલ.આર.નિરજસિંહ ચંદ્રમાસિંહ તથા એલ.આર.તરંગકુમાર રમણલાલ બ.નં.૬૧૯ નાઓ પો.સ્ટે વિસ્તારમા પેટ્રોલીગમા હતા. દરમ્યાન મ.સ.ઇ દિનેશકુમાર મીઠાલાલ તથા પો.કો.બાબુલાલ નાગરભાઇ નાઓની સંયુકત બાતમી હકીકત આધારે (૧) રમેશ ઉર્ફે લક્કી શકાજી વણજારા ઉ.વ.૪૦ ચીમનલાલ મહાસુખલાલની ચાલી ચમનપુરા મેઘાણીનગર અ.વાદ શહેર તથા (૨) ગોવિંદ હીરાજી વણજારા ઉ.વ. ૩૭ રહે ચીમનલાલ મહાસુખલાલની ચાલી ચમનપુરા મેઘાણીનગર અ.વાદ શહેર તથા (૩)જયેશ ઉર્ફે પપ્પુ જખારીયા કિશ્ચન ઉ.વ.૨૮ રહે.ચીમનલાલ મહાસુખલાલની ચાલી ચમનપુરા મેઘાણીનગર અ.વાદ શહેર નાઓને ભારતીય બનાવટની વિદેશી દારૂની નાની મોટી કુલ-૫૮ બોટલો કિ.રૂ.૨૦,૬૦૦/- ની મત્તાના મુદ્દામાલ સાથે પકડી પાડી પ્રોહી ગુ.ર.નં- ૫૫૬૦/૧૮ ધી ગુજરત પ્રોહી એકટ કલમ ૬૬બી, ૬૫(એ)ઇ, ૧૧૬(બી), ૮૧. મુજબનો ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરેલ છે. તા.૩૦/૧૦/૨૦૧૮.

**નવરંગપુરા પોલીસ સ્ટેશન :**

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા મે.સંયુકત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૧ તથા મે.નાયબ પોલીસ કમિશ્નરશ્રી, ઝોન-૧,અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ તથા મે. મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, "બી" ડીવીઝનનાઓની સુચના મુજબ પોલીસ સ્ટેશન વિસ્તારમાં મિલ્કત સંબધી ગુનાઓ વધુ પ્રમાણમાં બનતા હોય તેમજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં કોલ સેન્ટરોની બદી વધારે પ્રમાણમાં હોય અને જેમાં સામાન્ય નાગરીકો ભોગ બનતા હોય જેથી આવી બદી નાબુદ કરવા માટે સુચના કરેલ હોય જે બાબતે અમો પો.ઇન્સ એચ.બી.પટેલ તથા સર્વેલન્સ પો.સ.ઇ. તથા પોલીસ સ્ટફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન " નવરંગપુરા, સ્ટેડિયમ પાંચ રસ્તા પાસે આવેલ પોલાયરીશ બિલ્ડીગના ત્રીજા માળે ધનુષી ટેકનોલોજી અને એલસન ટેકનોલોજીના નામની ઓફીસમાં ધવલ શાહ તથા આલોક કોષ્ટિ નાઓ પોતાના કોલ સેન્ટરમાં અમેરીકાના કોઇ કસ્ટમરને દવાની આડ અસર થયેલ હોય તેવા કસ્ટમરના ડેટા એકત્રીત કરી કસ્ટમરના ડેટા લઇ જો કોઇ દવાની આડ અસર થઇ હોય તેવા કસ્ટમરના નામ નંબર સાથે યુ.એસ.એ.ના માર્કેટમાં અલગ અલગ વ્યક્તિઓને ઓનલાઇન કોન્ટેક કરી તેના કાયદેસરના નાણાં મેળવતા હોય તે ધંધાની આડમાં નાગાલેન્ડ ત્રિપુરા મેધાલયના છોકરાઓ પોતાના કોલ સેન્ટરમાં રાખી અમેરીકાના કેટલાક નાગરીકોને ફોન કરી અને તેઓનો ડેટા મેળવી તેઓને જણાવે છે. કે તમારી લોન ઓવર ડ્યુ થઇ ગયેલ છે. અને તેવા લોકોને સ્કાઇપ સોફટવેર દ્વારા મેસેજ મોકલી પોતાનો નંબર આપી ત્યારબાદ તેઓને જણાવે છે કે તમારી લોન ઓવર ડ્યુ છે તમારો SSN (શોસીયલ સિક્યુરીટી નંબર) હોલ્ટ પર થઇ જશે જો તમારે રકમનુ વ્યાજ વગર તેમજ કોર્ટ બહાર સેટલમેંટ કરવુ હોય તો વોલમાર્ટ અથવા ગુગલ પ્લેનુ ૧૦૦૦/૨૦૦૦/- ડોલરનુ ગીફ્ટ વાઉચર લઇને તે ગીફ્ટ વાઉચરનો નંબર અમને આપો તેમ કહી કસ્ટમર પાસેથી ગીફ્ટ વાઉચરનો નંબર મેળવી દિલ્હી સ્થિત એક પ્રોસેસર પાસેથી તેઓ ડોલરને રૂપિયામા કનવટ કરી આંગડીયા દ્વારા મેળવી લઇ તેમજ અમેરીકામાં કોઇની ગાડી ખોવાયેલ હોય તેની માહીતી મેળવી તેવા નાગરીકોને જણાવતા કે તમારી ગાડી કોઇ જગ્યાએ બિનવારસી પડેલ છે. અને તમારી ગાડી પોલીસના કબ્જામાં છે. અને તમારી ગાડીમાંથી ડ્રગ્સ અને બ્લડના સેમ્પલ મળેલ છે. જો તમારે તમારી જાતને બચાવવી હોય કોર્ટની બહાર સેટલમેન્ટ કરવું પડશે. જે તમે વોલમાર્ટના સ્ટોરમાં જઇ ગીફ્ટ કાર્ડ લઇ તેનો નંબર અમોને આપશો તો તમારી વિરૃધ્ધમાં કોઇ કાર્યવાહી નહી થાય.તેમ જણાવી ૧૦૦૦/૨૦૦૦/- ડોલરના વાઉચર મેળવી અમેરીકાના નાગરીકો સાથે વિશ્વાસઘાત છેતરપીડી " કરતા હોય જે કોલ સેન્ટરમાં ધવલ શાહ તથા આલોક કોષ્ટી તથા ટીમ લીડર ચિરાગ શાહ તથા બીજા નાગાલેન્ડ ,ત્રિપુરા તથા મેઘાલય ના છોકરા ૧૩ તથા ત્રણ છોકરીઓ કુલ ૧૯ આરોપીઓ કોલસેન્ટર ઉપર ચીટીંગ કરી ફ્રોડ કરતા હોય જેથી સદરી જગ્યાએ સ્ટાફના માણસો સાથે રેડ કરતા કુલ મુદ્દામાલ રૂપિયા ૩,૨૯,૦૦૦/- સાથે રંગે હાથે પકડાઇ જઇ નવરંગપુરા પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં- ૧૪૨/૨૦૧૮ ધી ઇપીકો કલમ ૪૦૬,૪૨૦,૩૮૪,૧૨૦(બી) તથા આઇ.ટી.એક્ટ કલમ ૬૬(ડી), ૭૭ મુજબ નો ગુનો દાખલ કરવામાં આવેલ છે.જે પ્રસસનિય કામગીરી કરેલ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.